सत्यमेव जयते

રજુ તારીખ	:	૨૧/૦૬/૨૦૨૪		
દાખલ તારીખ	:	૨૧/૦૬/૨૦૨૪		
ફેંસલ તારીખ	:	૩૦/૦૪/૨૦૨૬		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
		૦૧	૧૦	૦૯

વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વાગરા.

ફોજદારી કેસ નંબર : ૧૩૦૪/૨૦૨૪
આંક :– ૪૮

FORM-A

વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,	
ફોજદારી કેસ નંબર	૧૩૦૪/૨૦૨૪
ગુનાની કલમ	ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ
ગુનાની તારીખ	૨૧/૦૬/૨૦૨૪
ગુના રજી નં.	––
ફરિયાદ દાખલ કર્યા તારીખ	૨૧/૦૬/૨૦૨૪
પુરાવા શરૂ કર્યાની તારીખ	––
ચુકાદા ઉપર કેસ લીધા તારીખ	૨૮/૦૨/૨૦૨૬
ચુકાદાની તારીખ	૩૦/૦૪/૨૦૨૬
ફરિયાદી	**શ્રી અષ્ટ વિનાયક પેટ્રોલીયમના માલિક પ્રતિક એમ. પટેલ,** ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર, રહે. ૦૨, વખારીયા વાડી, પ્રીયા પાર્ક સોસા. સામે, વેડ રોડ, સુરત.
ફરિયાદપક્ષ તર્ફે વિ.વ.શ્રી	ડી.જી.ઠાકોર
આરોપી	**નારણભાઈ ભરવાડ તે શકિત રોડલાઈન્સના પ્રોપરાઈટર અને અધિકૃત વહીવટકર્તા,**

	ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર, રહે. ૯, જયશ્રી ટેનામેન્ટ, રાધાક્રિષ્ના મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદ.
આરોપીપક્ષે તર્ફે વિ.વ.શ્રી	જે.એચ.કાદરી

– :: આરોપીની વિગત ::–

નં.	આરોપીનુ નામ	ધરપકડ તારીખ	જામીન તારીખ	ગુનો	શું નિર્દોષ છોડયા/ સજા કરી ?	કરવામાં આવેલ સજા	સી .આર. પી. સી.કલમ –૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમય ગાળો
૧	**નારણભાઈ ભરવાડ તે શકિત રોડલાઈન્સના પ્રોપરાઈટર અને અધિકૃત વહીવટકર્તા,**			ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮	નિર્દોષ છોડયા		

FORM-C

– ફરિયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–

અનુ નં	**વિગત**	**આંક**
૧.	ફરીયાદી શ્રી અષ્ટ વિનાયક પેટ્રોલીયમના માલિક પ્રતિક એમ. પટેલની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટ	૪

(એ) ફરીયાદીના આંકની સુચી

ક્રમ	**વિગત**	**આંક**
૧	વાદગ્રસ્ત અસલ ચેક નં. ૦૬૬૩૫૩	૧૧
૨	ચેક પ્રથમ વખત પરત ફર્યાનો રીર્ટન મેમો	૧૨

૩	ચેક બીજી વખત પરત ફર્યાનો રીર્ટન મેમો	૧૩
૪	ડિમાન્ડ નોટીસની સ્થળપ્રત	૧૪
૫	આરોપી નં. ૧ ને મોકલેલ નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ	૧૫
૬	આરોપી નં. ૨ ને મોકલેલ નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ	૧૬
૭	આરોપી નં. ૩ ને મોકલેલ નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ	૧૭
૮	ઓથોરીટી લેટર	૧૮
૯	પાર્ટનરશીપ ડીડ	૩૬
૧૦	સને ૨૦૨૨–૨૩ નો ઓડીટ રીપોર્ટ	૩૭
૧૧	સને ૨૦૨૩–૨૪ નો ઓડીટ રીપોર્ટ	૩૮

ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી. વધુમાં ફરીયાદ પક્ષે **આંક–૩૯** થી કલોઝીંગ પુરસીસથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

:: જજમેન્ટ ::

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી મોજે દહેજ, તા. વાગરા મુકામે શ્રી અસ્ટ વિનાયક પેટ્રોલીયમના નામે પેટ્રોલ–ડિઝલ વેચાણ કરવા પેટ્રોલ પંપ ભાગીદારીમાં ધરાવે છે, પરંતુ ફરીયાદી પંપનો વહિવટ કરતા હોય, અધિકૃત વહિવટકર્તા છે. આરોપી નં. ૧ નાઓ ફરીયાદીને બે વર્ષ અગાઉ મળેલા અને પોતે ''શકિત રોડ લાયન્સ'' ના નામે પોતાની અને બીજાની ટ્રકો રાખી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે અને સદર શકિત રોડ લાયન્સના પ્રોપરાઈટર કમ અધિકૃત વહિવટકર્તા છે અને તે મુજબ પોતાના ધંધાનાં નામે બેંકમાં ખાતુ પોતાના

નામે ખોલાવેલ છે તેવી વાત કરેલી અને રોજબરોજ અલગ–અલગ ગાડીઓમાં ડિઝલ ભરાવવા પોતે આવવુ–જવુ શકય ન હોય, જેથી થોડા થોડા દિવસે હિસાબ મુજબ ક્રેડીટ આપવા જણાવેલ અને આરોપી નં. ૧ ની વાત ઉપર વિશ્વાસ આવતા ફરીયાદીએ દર મહિને બાકી હિસાબ સરભર કરવાની શરતે આરોપીઓને ઉધાર ડિઝલ આપવાનું નકકી કરેલ, જેથી તમો આરોપી નં. ૧ નાઓએ ટ્રાન્સપોર્ટની જવાબદારી સંભાળવતા અને ભાગીદાર તરીકે આરોપી નં. ૨ અને ૩ નાઓ બન્ને સગા ભાઈઓનો પરીચય કરાવેલ, જેથી આરોપી નં. ૧ વતી આરોપી નં. ૨ અને ૩ નાઓનાં લેખિત/મૌખિક સુચવ્યા કે માંગણી/ડીમાન્ડ મુજબ જે તે દિવસે જે તે ગાડીમાં ઉધાર ડિઝલ ભરી આપવામાં આવતું હતુ. આમ, આરોપી નં. ૩ નાઓએ પોતાના મોબાઈલ/વોટસઅપ ઉપરથી જે મુજબ સુચના અને માહિતી ફરીયાદીનાં પેટ્રોલ પંપ ઉપર ડિઝલ જે તે વાહનમાં ભરવા કે પુરી આપવા અંગે મોકલતા તે મુજબ આરોપીઓએ મોકલાવેલ રજીસ્ટ્રેશન નંબરવાળી ગાડી ઉપર તે દિવસે આરોપીઓએ જણાવ્યા મુજબ તેટલુ ડિઝલ ક્રેડીટ ઉપર (ઉધાર) ફરીયાદીનાં ઉકત પેટ્રોલ પંપ દવારા હાજર કર્મચારી દવારા ભરવામાં આવતું હતુ અને તેનાં ડિલીવર ચલણ અને બાકી બિલ બુક/ડે બુક રજીસ્ટર/લેઝરથી આરોપીઓએ મેળવેલ ડિલીવરી અને તેનાં બદલામાં બાકી પડતા અવેજ પૈકી જમાં કરાવેલ નાણાં હિસાબમાં ઉતારી પંપ ઉપર ચોપડે નિભાવવામાં આવતા હતા. આમ આ

હકીકતે આરોપીઓનાં મોબાઈલ ઉપર વોટસઅપ ફરીયાદીનાં પેટ્રોલ પંપ ઉપરથી તા. ૨૦/૦૭/૨૩ થી તા. ૧૨/૦૧/૨૪ સુધીમાં અલગ–અલગ સમયે લાખો રૂપિયાનું ઉધાર ડિઝલ મેળવેલ છે, જે આજદિન સુધીના હિસાબ યાને લેજર મુજબ તા. ૩૦/૧૧/૨૩ સુધીનો હિસાબ આરોપીઓએ નિયમીત કલીયર કરેલ અને ત્યારબાદ વખતો વખત થોડીક એમાઉન્ટ જમાં આપેલી અને કેટલીકવાર હાથઉછીના રોકડ પણ આરોપીઓએ ટુક સમયમાં પરત આપવાની શરતે લઈ ગયેલા, જેથી આરોપીએ ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવેલો હોય તે દરમ્યાનમાં છેક જાન્યુ.–૨૦૨૪ સુધીમાં આરોપીએ બીજુ ડિઝલ રૂા. ૬,૨૧,૮૮૭/– નો ઉધાર ઉપાડ કરેલ છે તથા તે દરમ્યાન જ હાથ ઉછીના ટુકડે–ટુકડે રૂા. ૫,૦૧,૭૩૨/– જેવી રકમ ફરીયાદીએ પોતાની બચત તથા હાથ ઉપર રાખતા અવેજમાંથી પરત કરી દેવાની શરતે મેળવેલી. સદર ઉપાડ દરમ્યાન આરોપીઓ સાથે ધંધાકીય સંબંધો વિકસેલા તથા આરોપીઓએ મોટાભાગની ઉધારી ડિઝલનું ચુકવણું માંગણી મુજબ સમય અંતરે કરેલ હોય, જેથી તમો આરોપી નં. ૧ નાએ પોતાના ધંધા માટે જરૂરીયાત અનુસંધાને સને : ૨૦૨૩–૨૪ દરમ્યાનમાં રૂા. ૫,૦૧,૭૩૨/– જેવી રકમ રોકડમાં ટુકડે–ટુકડે હાથ ઉછીની મેળવેલી તથા ડિઝલનાં ફાઈનલ હિસાબ સાથે માર્ચ–૨૦૨૪ સુધીમાં ચુકવી દેવાની બાંહેધરી આપેલી, જેથી ફરીયાદીએ આરોપીઓ ધંધાદારી માણસો હોય

અને ફરીયાદી સાથેના ડિઝલની ડિલીવરી જોતા ખોટુ શું કામ કરે ? તે વિશ્વાસે જાન્યુ.–૨૪ સુધીમાં કુલ રૂા. ૫,૦૧,૭૩૨/– જેવી રકમ હાથઉછીની લઈ ગયેલા. ઉકત જણાવ્યા મુજબની મુદ્દત પુરી થતા આરોપીઓએ એકી સાથે આવી ડિઝલ સહિત આ હાથ ઉછીની રકમનો હિસાબ કરી ડિઝલનાં હિસાબ પેટે તથા હાથઉછીની રકમ પેટે એકસીસ બેંક, વટવા અમદાવાદનાં બે ચેકો જેમાં ચેક નં. ૦૬૬૩૫૩ નો તા. ૧૫/૦૧/૨૪, રૂા. ૫,૦૧,૭૩૨/– તથા બીજો ચેક નં. ૦૬૬૩૫૪ નો તા. ૨૪/૦૧/૨૪, રૂા. ૬,૨૧,૮૮૭/– ના આરોપી નં. ૧ નાઓએ શ્રી અસ્ટ વિનાયક પેટ્રોલીયમના નામે લખીને રૂબરૂમાં સહી કરી લખી આપેલ. આમ આરોપીઓની માહિતી અને સુચના મુજબ ઉકત ચેક નં. ૦૬૬૩૫૩ વાળો ચેક ફરીયાદીએ પોતાના ખાતાવાળી બેંક, એચ.ડી.એફ.સી. બેંક લી.માં દહેજ શાખા, તા. વાગરામાં જમાં કરાવતા બેંક દવારા તા. ૦૯/૦૪/૨૪ નાં રોજ અપુરતા ભંડોળના શેરા સાથે રીટર્ન થતા તમો આરોપીઓનો બદઈરાદો સ્પષ્ટ થયેલ કે, આરોપીઓ નાણાં ચુકવવા માંગતા નથી, જેથી ફરીયાદીને પોતાનાં વકીલશ્રી મારફતે તા. ૦૬/૦૫/૨૪ નાં રોજ પહેલી વખત ડેટ નોટ કલીયર અને બીજી વાર ફંડ ઈસનફીશીયન્ટનાં શેરા સાથે બે વાર ચેક રીટર્ન થયેલ હોય, જેથી કાયદેસરનાં નાણાં વસુલ મેળવવા માટે રજી.પો.એડી. મારફતે બીજીવારનાં તા. ૦૯/૦૪/૨૪ નાં રોજના રીટર્ન મેમા આધારે આરોપીઓને ડિમાન્ડ નોટીસ મોકલવોલ, જે નોટીસ

તમામ આરોપીઓને તા. ૧૦/૦૫/૨૪ નાં રોજની આસપાસ તેઓએ જણાવેલ નામ, સરનામે મળી ગયેલ હોય તેમ છતા નોટીસનું પાલન કરેલ નથી કે નોટીસનો જવાબ આપેલ નથી. આમ, આરોપીઓએ નેગો. ઈન્સ્ટ્રું. એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ હોય, જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. સબબ, આરોપીઓને કાયદામાં જણાવેલ જોગવાઈ મુજબ યોગ્ય નસીયત થાય તે રીતે પકડી મંગાવી યોગ્ય સજા તથા દંડ કરવા, ચેકમાં જણાવેલ રકમથી બમણી રકમ આરોપીઓ નુકસાન વળતર સહીત ફરીયાદીને ચુકવી આપવા, ફરીયાદીને ચેક રકમના ૨૦ % રકમ તાત્કાલીક વળતર સ્વરૂપે ચુકવી આપવા તથા નામ. કોર્ટને યોગ્ય લાગે તેવો જરૂરી હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ બજતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી. અત્રે એ હકિકતની નોંધ લેવાની કે, સદર કેસ સમન્સ ટ્રાયલ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ હેઠળ **આંક–૦૯** થી આરોપીની પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૦૫** થી તેઓ તરફે રજુ થયેલ દસ્તાવેજોને આંક આપવા અરજી રજુ કરતાં તે દસ્તાવેજોને સાહેદ તરફે સરતપાસમાં રીફર કરવામાં આવેલ છે અને પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયેલ હોઈ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈને આધીન દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) આ કામે આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનાં પુરાવાનો ઈન્કાર કરી આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવનાં સાહેદો તપાસવાનો જવાબ હકારમાં આપેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપી તદ્દન નિર્દોષ હોય, અમો આરોપીએ ફરીયાદી પાસેથી કોઈ રોકડ રકમ મેળવેલ નથી પરંતુ ફરીયાદીએ અમો પાસેથી સીકયોરીટી પેટે લીધેલ ચેકનો દુરઉપયોગ કરી હાલની તદન ખોટી ફરીયાદ કરેલ છે.''

આ કામે આરોપીએ વિશેષ નિવેદનમાં પોતે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદોને તપાસવાનો જવાબ હકારમાં આપેલ છે, પરંતુ આરોપીપક્ષ તરફે તેવો કોઈ પુરાવો હાલનાં કામે રજુ રાખેલ નથી

(૫) દલીલો :–

સદર કામે ફરીયાદપક્ષે તરફે આંક–૪૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી તેમજ આંક–૪૭ થી તેઓની દલીલનાં સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટના નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે, જે વંચાણે લીધા.

(1) Klamani tex vs. P. Balasuramanian

(2) Bir sing vs. Mukesh Kumar

(3) Rangappa vs. Sri Mohan

આરોપી તરફે વિ.વ.શ્રી જે. એચ. કાદરીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે,

(૬) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–: મુદ્દાઓ :–

મુદ્દા નં.૧ :– શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ :– શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

<u>–: નિર્ણયો :–</u>

<u>મુદ્દા નં. ૧</u> :– નકારમાં.
<u>મુદ્દા નં. ૨</u> :– આખરી હુકમ મુજબ

<u>–: નિર્ણય માટેનાં કારણો :–</u>

(૮) પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે હકિકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકિકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂઘ્ધનો આક્ષેપ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌ પ્રથમ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ઘ્યાને લેવુ પડે .

➢ <u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા

માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ.

એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

➢ <u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ ચેક વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂઘ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

➢ <u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

<u>(ક) અવેજ વિષે</u> : દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય,

તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યું હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યું હતું.

(ખ)તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારના સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષે: ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે

ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

(૯) આ કામે મુદ્દા નં–૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં–૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદપક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું કાયદેસરનું વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશત: ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલા છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે. તે હકિકત ફરીયાદીએ પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૧ વાળી ફરીયાદ હકિકતના સમર્થનમાં **આંક–૦૪** થી સોગંદ ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે, ફરીયાદવાળો અસલ ચેક, ચેક રીટર્ન મેમા, ડિમાન્ડ નોટીસની સ્થળપ્રત, આરોપીઓને મોકલેલ નોટીસ બજી ગયાનો ટ્રેક રીપોર્ટ, ઓથોરીટી લેટર,

પાર્ટનરશીપ ડીડ, સને ૨૦૨૨–૨૩ નો ઓડીટ રીપોર્ટ, સને ૨૦૨૩–૨૪ નો ઓડીટ રીપોર્ટ વગેરે દસ્તાવેજો રજુ કરેલ છે. અત્રે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરેલ જોગવાઈઓ મુજબ ફરીયાદીએ હાલના કામે જે આવશ્યક તત્વો સાબિત કરવાના છે તે જોતાં ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ચેકમાં લખેલ તારીખે અથવા ચેકની વેલીડીટી પીરીયડમાં કે બે માંથી જે વહેલું હોય તે પ્રમાણે રજુ કરી દેવો જોઈએ. તેના અનુસંધાનમાં હાલના કામનો પુરાવો વંચાણે લેતાં, ફરીયાદવાળો તકરારી ચેક **આંક–૧૧, તા.૧૫/૦૧/૨૦૨૪** ના રોજનો છે જે ચેક બેન્કમાં બે વખત અલગ–અલગ તારીખોમાં જમા કરાવતાં આરોપીની બેન્કનાં **તા. ૧૫/૦૧/૨૪ તથા ૦૯/૦૪/૨૪** નાં રીટર્ન મેમાથી પ્રથમ વખત ''ડેટ નોટ કલીયર'' અને બીજી વખત ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલો છે, જેનો રીટર્ન મેમા **આંક–૧૨ અને ૧૩** થી રજુ થયેલ છે.

ચેક ધારણ કરનાર અથવા જે વ્યકિતના નામનો ચેક છે તેણે ચેકની રકમની માંગણી ચેક પરત ફર્યાની જાણ તેઓને થાય તેના ૩૦ (ત્રીસ) દિવસમાં લેખીતમાં ચેક આપનાર વ્યકિત પાસે કરવી જોઈએ. આ કામે ચેક પરત ફર્યા બાદ તે અંગેની ચેકના નાણાની માંગણી કરતી **આંક–૧૪** વાળી નોટીસ ફરીયાદપક્ષે આરોપીઓને રજી.એ.ડી. ધ્વારા મોકલેલી. નોટિસ આરોપીઓને મળી ગયા અંગેના ટ્રેક રીપોર્ટ આંક–૧૫, ૧૬ અને ૧૭ થી રજુ કરવામા આવેલ છે. વધુમાં

હાલના કામે રજુ થયેલ **આંક–૧૧** વાળો તકરારી ચેક વંચાણે લેતાં તેના પેઈના કોલમમાં હાલના ફરીયાદીનું નામ જણાઈ આવે છે. આમ, તકરારી ચેકના પેઈ હાલના ફરીયાદી હોવાનું જણાઈ આવે છે અને તેઓએ તકરારી ચેકના નાણાંની માંગણી કરતી નોટીસ આરોપીને મોકલેલી છે.

આમ, ફરીયાદીએ આરોપી પાસે કલમ–૧૩૮ માં ઠરાવ્યા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણાંની માંગણી કરેલી છે તે હકિકત ફલીત થાય છે. આમ, ફરીયાદવાળો ચેક પરત ફર્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની જાણ લેખીતમાં કરી ચેકની રકમની માંગણી કરેલ છે તે હકિકત ફલીત થાય છે. તે પ્રમાણે નોટીસ મળી ગયેલાના પંદર દિવસમાં ચેક આપનારે ચેકની રકમ ચેક ધારણ કરનાર અથવા ચેકમાં લખેલ નામવાળી વ્યકિતને ચુકવી દેવી જોઈએ. જયારે હાલના કામે ફરીયાદીએ **આંક–૧૪** વાળી નોટીસ આરોપીને મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. પરંતુ, આરોપીને નોટીસ મળ્યાના ૧૫ (પંદર) દિવસની અંદર રેકર્ડ મુજબ આરોપી ધ્વારા ડીમાન્ડ નોટીસ મુજબની કોઈ રકમ ફરીયાદીને ચુકવી આપેલાની હકિકત રેકર્ડ ઉપર નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાઓના આધારે એ હકિકત સાબિત થાય છે કે, ફરીયાદ પક્ષ દવારા એકટની કલમ–૧૩૮(એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે. જેથી હાલનો કેસ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯

મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.

(૧૦) આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુધ્ધ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ૨૦૦૯ (૨) G.L,R ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુધ્ધ વિનોદ શર્માના ચૂકાદામાં પેરા–૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and ***when that party has produced evidence fairly and reasonably tending to show that the real***

fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. ***To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.*** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt,

apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. ***To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.*** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the

presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે.

(૧૧) હાલના કેસમાં ફરીયાદી ઘ્વારા **આંક–૦૪** થી સોગંદ ઉપર જુબાની

આપવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદ મુજબની હકિકતો જણાવેલ છે, જયારે આરોપીના વિ.વકિલશ્રીએ ફરીયાદીની કરેલ રીલેવન્ટ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, તેઓએ બી.ઈ. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓને અષ્ટવિનાયક પેટ્રોલીયમ નામની ભાગીદારી પેઢી છે જે ૨૦૨૧ મા તેમા ભાગીદાર તરીકે ભાગીદારી થયેલી. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તેઓની ભાગીદારી પેઢીનુ રજીસ્ટ્રેશન થયેલ નથી. તેઓની ભાગીદારી પેઢીના ધંધાનો પ્રકાર પેટ્રોલીયમ પેદાશનુ વેચાણ કરવાનુ છે. તેઓની ભાગીદારી પેઢીનો ધંધો નાણા ધીરધાર કરવાનો નથી. તેઓની ભાગીદારી પેઢીનો માત્ર એક જ પેટ્રોલપંપ કડોદરા ચોકડી દહેજ ખાતે આવેલો છે. તેઓના શ્રી અષ્ટવિનાયક પેટ્રોલીયમના પેટ્રોલપંપનો વહીવટ ભાગીદારો પૈકી તેઓને સોંપેલો છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, પેટ્રોલપંપના રોજબરોજના હિસાબ રાખવા પડે. કોઇને ઉધાર પેટ્રોલ, ડીઝલ આપીએ તેની ખાતાવહી અલગ રાખીએ છીએ. તેઓના હિસાબોનુ વાર્ષીક ઓડિટ કરાવવામા આવે છે અને પેઢીના બાકીદારોની નોંધ હિસાબોમા કરવામા આવે છે. પેઢીનુ દર વર્ષે ઇન્કમટેક્ષ ફાઇલ કરવામા આવે છે. આરોપી સાથે તેઓને આશરે વર્ષ ૨૦૨૨–૨૩ થી વ્યવહાર ચાલુ થયેલ શરૂઆતમા આરોપીએ રોકડેથી વ્યવહાર ચાલુ કરેલો. આરોપીએ ઉધાર ડીઝલની માંગણી કરતા પહેલા તેઓનો રૂબરૂમા સંપર્ક કરેલો. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, ઉધારમા ડિઝલ આપવા બાબતે તેઓએ આરોપી પાસેથી કોઇ લખાણ લીધેલુ નહિ. તેઓએ તેમની પેઢીના બીજા ભાગીદારોની ઉધાર ડિઝલ આપવા બાબતે સંમતી લીધેલી. તેઓ એ હકિકતનો ઇન્કાર કરે છે કે, ઉધાર ડિઝલ ભરાવવા માટે માત્ર ખોડુભાઇ શૈલેષભાઇ

ભરવાડ નાઓ જ ફોન કરીને જણાવતા હતા. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, રાહુલભાઇ પણ જણાવતા હતા અને તેઓની સૂચના મુજબ તેઓ ઉધાર ડિઝલ ભરી આપતા હતા. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તેઓની ફરીયાદના પેરામા આરોપી નં.૩ પોતાનો મોબાઇલ/વોટસ અપ ઉપરથી સૂચના અને માહિતી ફરીયાદીના પેટ્રોલપંપ ઉપર જે તે વાહનમા ડિઝલ ભરવા આપતા હતા તેમ જણાવેલ છે. તેઓની ફરીયાદમા કઇ કઇ તારીખોએ કયા કયા નંબર વાળા વાહનમા ઉધાર ડિઝલ ભરી આપેલ તે જણાવેલ નથી તથા તે ઉધાર ડિઝલ કયા બીલ નંબરથી આપવામા આવેલ તે પણ જણાવેલ નથી. આ કામે ઉધાર ડિઝલ આપ્યા અંગેના બીલ રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે હાલની ફરીયાદવાળો ચેક હાથ ઉછીની રકમ લીધેલી તે અંગેનો છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, આરોપીને કઇ કઇ તારીખે કેટલી કેટલી રકમ ટુકડે ટુકડે આપેલ તે વિગત ફરીયાદમા જણાવેલ નથી. તેઓની પેઢી આવક જાવકના હિસાબી ચોપડા નિભાવે છે. કેશબુકમા રોજની આવક તથા જાવક નોંધવામા આવે છે. પેઢીમાથી કોઇ રકમ આપેલ હોય તો તેની નોંધ પેઢીની કેશબુકમા કરવી પડે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, આરોપીને આ રકમ આપી તેની પેઢીની કેશબુકમા નોંધ કરેલ નથી. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, પેઢીની આવક જાવકની રકમ પેઢીના હિસાબી ચોપડામા દર્શાવવાની હોય છે અને કઇ તારીખે કોને કેટલી રકમ આપી તે/ દર્શાવવાનુ હોય છે તથા કોઇને કોઇ રકમ આપી હોય તેના વાઉચર પણ બનાવવા પડે. ''પેઢીના હિસાબી ચોપડા તથા વાઉચર રજુ કરવા તૈયાર છો'' આ પ્રકારનો સવાલ પુછતા સાહેદ જવાબ આપે છે કે,''જે દિવસે અમે હાથ ઉછીની રકમ આપેલી તેની સામે આરોપીએ અમોને ચેક આપેલો અને હિસાબનુ વાઉચર

આરોપીએ ફાડી નાખેલુ. હુ હિસાબના ચોપડા રજુ કરવા તૈયાર છુ.'' સાહેદ જણાવે છે કે, તેઓ તેમની પેઢીનો ઓડિટ રીપોર્ટ સને–૨૦૨૩–૨૪ નો રજુ કરવા તૈયાર છે. આરોપીએ જે કોઇ ઉધાર ડિઝલ લીધેલ તેની તમામ રકમ નવેમ્બર ૨૦૨૩મા તેઓને ચૂકવી દીધેલ કે કેમ તે હુ હિસાબ જોઇને કહી શકુ. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, ચેકમા સહી તથા અન્ય વિગતો અલગ અલગ અક્ષરમા છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, જે કંઇ વ્યવહાર થયેલો તે રાહુલભાઇ અને ખોડુભાઇ સાથે થયેલો. ફરીયાદીની તા. ૧૬/૦૭/૨૦૨૫ ના રોજ અગાઉ ઉલટતપાસમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો નિશાની ૩૫/૧ થી નિ.૩૫/૩ સુધીના રજુ કરેલ છે જેમા તેઓની શ્રી અષ્ટવિનાયક પેટ્રોલીયમ નામની ભાગીદારી પેઢીનુ પાર્ટનરશીપ ડીડની ખરી નકલ રજુ કરેલ છે જેમા પેઢીના તમામ ભાગીદારોની સહીઓ છે જે આંક–૩૬ થી રજુ કરવામાં આવેલ છે તથા નિ.૩૫/૨ તથા નિ.૩૫/૩ થી તેમની શ્રી અષ્ટવિનાયક પેટ્રોલીયમ નામની ભાગીદારી પેઢીના સને ૨૦૨૨–૨૩ તથા ૨૦૨૩–૨૪ ના ઓડિટ રીપોર્ટ ની ખરી નકલ રજુ કરેલ છે. જેમા પેઢીના ચાર્ટડ એકાઉન્ટન્ટ ની ડીઝીટલ સિગ્નેચર છે જે નિશાની. ૩૫/૨ તથા નિ.૩૫/૩ ને આંક–૩૭ તથા આંક–૩૮ થી રજુ કરવામાં આવેલ છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, આંક–૩૭ તથા ૩૮ વાળા ઓડિટ રીપોર્ટમા ફરીયાદવાળી લેણી રકમ શકિત રોડ લાઇન્સ ના પ્રોપરાઇટર પાસે લેવાની નીકળતી હોય તેવી કોઇ નોંધ જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાથ ઉછીની રકમ આપેલી હતી જેથી પેઢીના ઓડિટ રીપોર્ટ મા જણાવેલ નથી. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, તેઓએ હાલની ફરીયાદ શ્રી અષ્ટવિનાયક પેટ્રોલીયમના માલિક/વહીવટ કર્તા/ભાગીદાર તરીકે કરેલ છે.

(૧૨) ફરીયાદીની ઉલટતપાસનાં આધારે તથા આરોપીની તરફે તેઓની દલીલમાં ફરીયાદપક્ષે વિવાદીત ચેક કાયદેસરનાં દેવા પેટે આરોપીએ આપેલ હોય તેવું સાબીત કરેલ નથી અને આ કામના આરોપી દ્વાર ફરીયાદીના પેટ્રોલપંપ પરથી જે સમયે પેટ્રોલ ડિઝલ ખરીદેલ તે સમયે સિકયુરીટી પેટે આપેલ ચેકનો દૂર ઉપયોગ કરી આરોપી વિરૂધ્ધ ફરીયાદી દ્વારા ખોટી ફરીયાદ કરવામા આવેલ છે વધુમા એવી પણ તકરાર લીધેલ છે કે આ કામના ફરીયાદી દ્વારા આરોપીને કોઇ જ રકમ હાથ ઉછીની આપવામા આવેલ નથી કે આરોપીએ આવી કોઇ રકમ હાથઉછીની મેળવેલ નથી અને તે મતલબનો લેસમાત્ર પુરાવો ફરીયાદી દ્વારા રજુ કરવામા આવેલ નથી અને ફરીયાદી દ્વારા કાયદેસરનુ લેણુ પુરવાર કરવામા આવેલ ના હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો તથા ફરીયાદીની ફરીયાદ હકિકત ધ્યાને લેવામા આવે તો ફરીયાદી દ્વારા પોતાની ફરીયાદમા આરોપીને ડિસેમ્બર –૨૦૨૩ થી જાન્યુઆરી –૨૦૨૪ દરમિયાન ટુકડે ટુકડે રૂપિયા ૫૦૧૭૩૨ ની રકમ હાથ ઉછીની આપવામા આવેલ તે પેટે ફરીયાદવાળો ચેક આપેલ હોવાનુ જણાવેલ છે અને તે ચેક રીટર્ન થતા હાલની ફરીયાદ કરેલ છે ત્યારે ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો ફરીયાદી દ્વારા આ કામે આરોપીને ટુકડે ટુકડે કોઇ રકમ ચુકવેલ હોય તે સંબધેનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદી દ્વારા આ બાબતે માત્ર મૌખિક કથનો કરેલ છે ત્યારે એ હકિકત રેકર્ડ પર બિનતકરારી છે કે આ કામના ફરીયાદી તે

અષ્ટ વિનાયક પેટ્રોલીયમ નામની પેઢીના ભાગીદાર છે અને તેમની પેઢીના ધંધાનો પ્રકાર પેટ્રોલીયમ પેદાશનુ વેચાણ કરવાનો છે તે હકિકત તેઓએ ઉલટ તપાસમા પણ સ્વીકારેલ છે આમ ફરીયાદી પેઢી પોતે વ્યાપારી વ્યવસાય સાથે સંકળાયેલી પેઢી છે વધુમા ફરીયાદીની આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો તેઓ એ હકિકત પણ સ્વીકારે છે કે પેટ્રોલપંપના ભાગીદારો પૈકી વહિવટ તેઓને સોંપેલ છે તથા પેટ્રોલપંપના રોજબરોજનો હિસાબ રાખવો પડે છે અને એ હકિકત પણ સ્વીકારેલ છે કોઇને ઉધાર પેટ્રોલ ડિઝલ આપીએ તેની ખાતાવહી અલગ રાખીએ છીએ તથા એ પણ સ્વીકારેલ છે કે તેમના હિસાબોનુ વાર્ષિક ઓડિટ કરાવવામા આવે છે અને પેઢીના બાકીદારો ની નોંધ હિસાબોમા કરવામા આવે છે વધુ મા ફરીયાદી દ્વારા પોતાની ઉલટ તપાસમા એ હકિકતનો પણ સ્વીકાર કરેલ છે કે આરોપીને કઇ કઇ તારીખે કેટલી કેટલી રકમ ટુકડે ટુકડે આપેલ તે વિગત તેઓએ ફરીયાદમા જણાવેલ નથી તથા એ હકિકત પણ સ્વીકારે છે કે તેમની પેઢી આવક જાવકના હિસાબી ચોપડા નિભાવે છે અને કેશબુકમા રોજની આવક તથા જાવક નોંધવામા આવે છે વધુમા એ હકિકત પણ સ્વીકારેલ છે કે કોઇને હાથઉછીની રકમ આપવામા આવે તેની નોંધ કેશબુકમા કરવી પડે તથા એ હકિકત પણ સ્વીકારેલ છે કે પેઢીમાથી કોઇ રકમ આપેલ હોય તો તેની નોંધ પેઢીની કેશબુકમા કરવી પડે. વધુમા એમ પણ સ્વીકારેલ છે કે પેઢીની આવક જાવકની રકમ પેઢીના હિસાબી ચોપડામા દર્શાવવાની હોય છે અને કઇ તારીખે કોને કેટલી રકમ આપી તે પણ દર્શાવવાનુ હોય છે તથા કોઇને કોઇ રકમ આપી હોય તેના વાઉચરો પણ બનાવવા પડે. ઉલટ તપાસ દરમિયાન ફરીયાદીને પેઢીના હિસાબી ચોપડા તથા વાઉચર રજુ કરવા સવાલ પુછવામા આવેલ તેના જવાબમા

તેઓએ જણાવેલ કે જે દિવસે અમે હાથઉછીની રકમ આપેલી તેની સામે આરોપીએ અમોને ચેક આપેલો અને હિસાબનુ વાઉચર આરોપીએ ફાડી નાખેલુ. હુ હિસાબના ચોપડા રજુ કરવા તૈયાર છુ તેમ જણાવેલ છે. વધુમા આરોપીએ આ કામે ઉલટ તપાસ દરમિયાન એ હકિકત પણ કબૂલ કરેલ છે કે જે કંઇ વ્યવહાર થયેલો તે રાહુલભાઇ અને ખોડુભાઇ સાથે થયેલો વધુમા ફરીયાદીએ ઉલટ તપાસમા ચેકમાની સહી તથા અન્ય વિગતો અલગ અલગ અક્ષરમા હોવાનુ પણ સ્વીકારેલ છે. આ ઉપરાંત ફરીયાદીએ ઉલટ તપાસ દરમિયાન એ પણ કબૂલ કરેલ છે કે આ કામે તેઓએ રજુ રાખેલ આંક–૩૭ તથા આંક–૩૮ વાળા ઓડિટ રીપોર્ટમા ફરીયાદવાળી લેણી રકમ શકિત રોડ લાઇન્સના પ્રોપરાઈટર પાસે લેવાની નીકળતી હોય તેવી કોઇ નોંધ જણાવેલ નથી. આમ સદર ફરીયાદીની થયેલ ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો ફરીયાદી પોતે વેપારી રીતરસમોથી વેપાર કરતા હોવાનુ જણાય છે અને વેપારી રીતરસમો મુજબ દરેક ધંધામા ધંધો કરનાર વ્યકિત હિસાબી ચોપડા નિભાવતો હોય અને ફરીયાદી પણ હિસાબી ચોપડા નિભાવતા હોવાની હકિકત પણ જણાઇ આવે છે જે હિસાબી ચોપડા રજુ કરવા ફરીયાદી પોતે તૈયાર હોવાનુ ઉલટ તપાસ દરમિયાન જણાવેલ પરંતુ એવા કોઈ હિસાબી ચોપડા આ કામે રજુ રાખવામા આવેલ નથી વધુમા ફરીયાદી પોતાની ઉલટ તપાસમા કબૂલ કરે છે તે મુજબ કોઇને કોઈ રકમ આપવામા આવે તો તેની નોંધ કેશબુકમા દર્શાવવાની હોય તથા તે અંગેનુ વાઉચર પણ બનાવવાનુ હોય તે હકિકત જણાવે છે જો કે આ કામે આવુ કોઇ કેશબુક કે વાઉચર અથવા તે અંગેની તેમના હિસાબી ચોપડામા થયેલ નોંધ રજુ કરેલ નથી અને ફરીયાદીએ તેમને તેમની ઉલટ તપાસમા પૂછેલ સવાલના જવાબમા જણાવેલ કે જે દિવસે હાથઉછીની રકમ આપી તે દિવસે

આરોપીએ તેમને ચેક આપેલો અને હિસાબનુ વાઉચર આરોપીએ ફાડી નાખેલુ. હવે આ સંદર્ભમા ફરીયાદના કામે રજુ થયેલ આંક–૧૧ વાળો ચેક ધ્યાને લેવામા આવે તો તે ચેક તારીખ–૧૫/૦૧/૨૦૨૪ ના રોજનો છે અને ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદીએ આ રકમ ટુકડે ટુકડે આપેલ હોવાની વિગત જણાવેલ છે જે રકમ ડિસેમ્બર–૨૦૨૩ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન આપેલ હોવાનુ માની શકાય હવે આટલા ટુંકા ગાળામા ટુકડે ટુકડે રકમ ચુકવેલ હોય ત્યારે તે રકમ કેટલી કિમતના ટુકડામા ચુકવવામા આવેલ એવી પણ વિગત ફરીયાદી દ્રારા જણાવવામા આવેલ નથી વધુ મા જો આરોપી દ્રારા હિસાબનુ વાઉચર ફાડી નાખવામા આવેલ હોય તો પણ ફરીયાદી દ્રારા પોતે બનાવેલ વાઉચર અંગેની નોંધ તેમના હિસાબના રોજમેળ કે કેશબુકમા કરેલી જ હોય તેમ છતા એવો કોઇ પુરાવો ફરીયાદી દ્રારા આ કામે રજુ કરવામા આવેલ નથી વધુમા ફરીયાદીની ઉલટ તપાસમા ફરીયાદીએ સ્વીકારેલ છે કે તેઓને જે કંઇ વ્યવહાર થયેલો તે રાહુલભાઇ અને ખોડુભાઇ સાથે થયેલો એટલે કે એ હકિકત સ્પષ્ટ થાય છે કે આ કામના આરોપી સાથે થયેલ નહિ વધુમા આ કામે ફરીયાદી દ્રારા હાલની ફરીયાદમા સદર રાહુલભાઇ અને ખોડુભાઇને પણ આરોપી તરીકે દર્શાવી ફરીયાદ રજુ કરવામા આવેલ છે પરંતુ ફરીયાદની હકિકતો તથા સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇ તેઓ તકારારી ચેકના ડ્રોઅર ન હોય જેથી તેઓ વિરૂધ્ધ સંજ્ઞાન લેવામા આવેલ નથી આમ ફરીયાદીની ઉલટ તપાસ મા સ્વીકાર કર્યા મુજબ ફરીયાદીએ જે કંઇ વ્યવહાર કરેલ છે તે રાહુલભાઇ અને ખોડુભાઇ સાથે કરેલ છે અને ફરીયાદીનુ એવુ કથન પણ નથી કે રાહુલભાઇ અને ખોડુભાઇએ આરોપી વતી વ્યવહાર કરેલ અને તે જવાબદારી સ્વીકારી આરોપીએ તેઓને ચેક આપેલ હોય ત્યારે ફરીયાદ પક્ષે

આરોપી સાથે વ્યવહાર કર્યા અંગેના દસ્તાવેજી પુરાવાઓની ગેરહાજરીમા એ હકિકત નુ અનુમાન કરી શકાય નહિ કે આરોપીએ ફરીયાદી પાસેથી ટુકડે ટુકડે ફરીયાદમા જણાવેલ ચેકવાળી રકમ મેળવેલ હતી અને આ બાબત ફરીયાદીએ સ્વતંત્ર પુરાવાઓથી પુરવાર કરવાની રહે છે આ કામે આરોપી દ્વારા એવો પણ બચાવ લેવામા આવેલ છે કે ફરીયાદવાળો ચેક આરોપીએ ધંધાની શરૂઆતમા સિકયુરીટી પેટે ઉધાર પેટ્રોલ ડિઝલ ખરીદ કરેલ તે સમયે આપેલ હતો તેનો દૂરઉપયોગ કરી હાલની ફરીયાદ કરવામા આવેલ છે. આ સંદર્ભમા ફરીયાદ પક્ષે રજુ કરેલ પોતાની દલીલ સાથેના ચુકાદાઓમા નામદાર સર્વોચ્ચ અદાલતના સિમ્પલી સત્યનારાયણ રાવ નો ચુકાદો રજુ કરેલ છે જે ચુકાદામા ઠરાવેલ સિધ્ધાંતો સાથે હુ સંમત છુ અને તે મુજબ સિકયુરીટી પેટે આપેલ ચેક તે ચેકની તારીખે જો દેવુ અસ્તિત્વમા હોય તો એવો ચેક રીટર્ન થાય તો પણ ૧૩૮ અન્વયેનો ગુનો બને છે. એટલે કે ચેકની તારીખે દેવુ કે જવાબદારી અસ્તિત્વમા હોવુ જોઇએ આ કામે જયારે ફરીયાદીએ આરોપીને ટુકડે ટુકડે રકમ આપેલ હોય તેવા કોઇ પુરાવા રજુ રાખેલ નથી અને તે હકિકત સાબિત થતી નથી ત્યારે અને ફરીયાદી પોતે પોતાની ફરીયાદમા એવી હકિકત જણાવેલ છે કે ૩૦/૧૧/૨૦૨૩ સુધીનો હિસાબ આરોપીઓએ નિયમિત કલીયર કરેલ છે ત્યારે ફરીયાદીએ આ ચેકની તારીખે આરોપી પાસે ફરીયાદીનુ લેણુ નીકળતુ હતુ તેવી હકિકત સાબિત કરવી રહે. આ કામે ઉપરોકત પેરા–૧૦ મા જણાવેલ ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેવામા આવે તો એકટ અન્વયેના અનુમાનો નુ ખંડન કયારે થાય અને તે અનુમાનોનુ ખંડન આરોપી કેવી રીતે કરી શકે તે જણાવેલ છે. આરોપીએ આ અનુમાનોનુ ખંડન કરવા માટે જાતે વિટનેશ બોક્સમા આવવાની કે અલગથી પુરાવો રજુ કરવાનો અદાલતે

આગ્રહ રાખવો જોઇએ નહિ પરંતુ આરોપી ફરીયાદ પક્ષના પુરાવા આધારે પણ આ અનુમાનોનુ ખંડન કરતી હકિકતો રેકર્ડ ઉપર લાવી ફરીયાદીના પુરાવામા શંકાની સંભાવના પેદા કરે તો પણ તે અનુમાનોનુ ખંડન થાય છે ત્યારે આ કામે આરોપીએ જયારે આવી કોઇ રકમ ફરીયાદી પાસેથી કયારેય મેળવેલ નથી પરંતુ સિકયુરીટી પેટે આપેલ ચેકનો દૂર ઉપયોગ થયેલાના સૂચનો કરેલ છે ત્યારે ફરીયાદીએ આરોપીને ટુકડે ટુકડે રકમ આપેલ એટલે કે ફરીયાદીએ આરોપીને રોકડ નાણા હાથઉછીના આપેલ હતા તે હકિકત સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે અને ઉપર ચર્ચા કરી તેમ ફરીયાદી પોતે વેપારી માણસ છે અને વેપારી રીતરસમોથી વાકેફ છે ઉપરાંત પોતાની પેઢીમા હિસાબો પણ નિભાવે છે ત્યારે જયારે પેઢીમાથી આરોપીને ટુકડે ટુકડે રોકડ રકમ ચુકવેલ હોય તો તેની નોંધ પોતાના હિસાબી ચોપડાઓમા કરે જ તેમ છતા આ કામે ફરીયાદીએ આવી કોઇ આરોપીને ટુકડે ટુકડે રકમ આપ્યા અંગેની હિસાબી ચોપડામા કરેલ નોંધ રજુ કરેલ નથી જો કે આ કામે ફરીયાદી દ્વારા આંક–૩૭ તથા આંક–૩૮ થી વર્ષ –૨૦૨૨–૨૩, ૨૦૨૩–૨૪ ના ઓડિટ રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ તેમા આવી કોઇ રકમ આરોપીને આપેલ હોય કે લેણી નીકળતી હોય તેવી કોઇ વિગત જણાવેલ નથી. આમ એવા પુરાવાની ગેરહાજરીમા ફરીયાદીએ આરોપીને ટુકડે ટુકડે રકમ રૂપિયા ૫૦૧૭૩૨/– આપેલ હોય તે હકિકત માનવાને કારણ નથી અને આવી કોઇ હકિકત ફરીયાદી દ્વારા પુરાવાથી પુરવાર કરવામા આવેલ નથી જેથી આરોપીએ આ કામે ફરીયાદવાળો ચેક પોતે ધંધાની શરૂઆતમા સિકયુરીટી પેટે આપેલ હોવાની હકિકત માનવાને કારણ રહે છે અને આમ આરોપીએ એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરેલ છે. અત્રે એ હકિકત પણ નોંધવી રહી કે હાલના

ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ શ્રી અષ્ટવિનાયક પેટ્રોલીયમના ભાગીદાર તરીકે આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ છે જે ફરીયાદ સાથે આંક–૧૮ થી ઓથોરીટી લેટર રજુ કરેલ છે જે ધ્યાને લેવા આવે તો ફરીયાદી સહિત આ પેઢીના પાંચ ભાગીદારો છે જેઓ દ્વારા ફરીયાદીને આપવામા આવેલ ઓથોરીટી છે જે ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે " અમારી સંયુકત ભાગીદારી ના ઉકત પટ્રોલ પંપમા અમદાવાદની એક પેઢી નામે શકિત રોડ લાઇન્સના માલિક શ્રી રાહુલ શૈલેષભાઇ ભરવાડ તથા શ્રી ખોડુભાઇ શૈલેષભાઇ ભરવાડ નાઓ સામે, ડિઝલ ઉધારીમા લઇને , પેમેન્ટ ચુકવેલ નહિ હોય, ભરૂચ ટેરેટરીની કોર્ટમા કેસ દાખલ કરવા માટે અમો તમામ ભાગીદારો શ્રી પ્રતિક મુકેશકુમાર પટેલનાઓને અમારા વતી કેસ કરવા અને લડવા માટે સંમતિ/ ઓથોરીટી આપીએ છીએ, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. " સદર ઓથોરીટી પત્ર ધ્યાને લેવામા આવે તો પણ તેમા આ કામના આરોપીને ફરીયાદીએ કોઇ હાથઉછીની રકમ આપેલ હોય તેવી પણ કોઇ વિગત જણાવેલ નથી તથા આ કામના આરોપીનુ નામ પણ સદર ઓથોરીટી લેટરમા જણાવેલ નથી આમ આ ઓથોરીટી લેટર ધ્યાને લેવામા આવે તો પણ તેમા જે કંઇ વ્યવહાર થયેલ છે તે રાહુલ શૈલેષભાઇ ભરવાડ તથા ખોડુભાઇ શૈલેષભાઇ ભરવાડ નાઓ સાથે થયેલ હોવાનુ પુરવાર થાય છે વધુમા આ કામના આરોપી નારણભાઇ ભરવાડ શકિત રોડલાઇન્સના માલિક હોવા અંગેનો પણ કોઇ પુરાવો ફરીયાદી દ્વારા રજુ રાખવામા આવેલ નથી અને આમ રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદવાળો ચેક સિકયુરીટી પેટે આરોપી દ્વારા આપવામા આવેલ હોવાનુ પુરવાર થાય છે ત્યારે ચેકના એકઝીકયુશન સમયે ફરીયાદીનુ લેણુ અસ્તિત્વમા હતુ કે કે

કેમ ? તે હકિકત ધ્યાને લેવી પડી જો ચેકના એક્ઝીક્યુશન વખતે દેવુ અસ્તિત્વમા ન હોય તો ચેકના લખનારની નેગોશીએબલ ઈન્સ્ટ્રુ. એકટ હેઠળની જવાબદારી રહે નહિ આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના **M/S Indus Airways Pvt.Ltd And Ors V.S M/S Magnum Aviation Pvt Limited And Anr** ના ચુકાદામા ઠરાવ્યા મુજબ ના સિધ્ધાંતો ધ્યાને લેવામા આવે તો સદર ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>Shanku Concretes Pvt. Ltd. vs State Of Gujarat on 30 November, 1999 ના ચુકાદામા કરેલ અવલોકનને ગ્રાહ્ય રાખવામા આવેલ છે જે નીચે મુજબ છે.</u>**

<u>14. This court relies on the decision cited by Mr. Majmudar of the High Court of Madras (supra), wherein a principle is laid down that to attract Sec.138 of the Negotiable Instruments Act, it must be pointed out that there was subsisting liability or debt on the date when the contract was entered into. In that given case before the High Court of Madras, the contract expressly made it clear that the cheques were handed over as security. In this case, it is clear from the agreement entered into between the parties that after borrowing the money, making a statement to repay the same at some future date, the cheques were issued for due performance. Therefore, the transaction from</u>

<u>its very nature or from the intention of the parties, as reflected in the agreement executed between the parties, is purely of a civil nature, for which a civil suit has already been filed. The very fact that the payment was agreed to some future date and there was no debt or liability on the date of delivery of the cheques, will take the case out of the purview of the Section 138 of the Negotiable Instruments Act.</u>

આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ સીકયુરીટી પેટે આપેલ ચેક સંદર્ભે કાયદેસરનું લેણું કે જવાબદારી ચેકનાં એકઝીકયુશન સમયે અસ્તીત્વમાં રહેલ દેવું કે લેણું તે કાયદેસરનું લેણું હોવાનું ઠરાવવામાં આવેલ છે. હાથ ઉપરનાં કેસમાં ફરીયાદપક્ષ દવારા ફરીયાદવાળા ચેકની તારીખે આરોપી પાસેથી રૂપિયા ૫,૦૧,૭૩૨/– પુરા લેવાનાં બાકી નિકળતા હતા તે હકીકત ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી કારણ કે, જયારે ફરીયાદીએ આરોપીને કોઇ નાણા ચુકવ્યા અંગેની હકિકત પુરાવાથી પુરવાર કરેલ નથી ત્યારે આ ફરીયાદીનુ આરોપી પાસે કોઇ કાયદેસરનુ લેણુ હોવાનુ સાબિત થતુ નથી આ સંજોગોમાં એકટની કલમ–૧૩૯ અન્વયેનાં અનુમાનોનું ખંડન કરવામાં બચાવપક્ષ સફળ રહેલ હોવાનું પુરવાર થાય છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા પેરા–૧૨ મા જણાવેલ ચુકાદામા ઠરાવ્યા મુજબ એકટ અન્વયેનાં અનુમાનોનું ખંડન કરવા માટે આરોપીએ જાતે વિટનેશ

બોકસમાં આવી પુરાવો રજુ કરવાનો રહેતો નથી તે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવા પરથી પણ વિરૂધ્ધનું અનુમાન રેકર્ડ ઉપર લાવી શકે છે. સામાન્ય રીતે એકટની કલમ–૧૩૮ અન્વયેનાં ગુનાની કાર્યવાહીમાં આરોપીએ પોતાનો બચાવ ફોજદારી ગુનાની પુરાવાની માત્રા મુજબ પુરવાર કરવાનું રહેતું નથી, પરંતુ સંભવતીતા ઉભી કરવાની રહે છે કે જે સામાન્ય સમજ ધરાવતી વ્યકિતને પણ તે હકિકત માનવાને કારણ રહે. આમ, હાથ ઉપરનાં કેસમાં બચાવપક્ષ એકટનાં અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહેલ હોવાનું જણાઈ આવે છે અને ફરીયાદપક્ષ એ હકિકત સાબીત કરવામાં નિષ્ફળ નિવેડેલ છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ કાયદેસરનાં દેવા કે જવાબદારી માટે આપેલ હતો. આ સંજોગોમાં આરોપીને નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૩) આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા રેકર્ડ ઉપરના પુરાવાને ઘ્યાને લેતાં બચાવપક્ષ એકટ અન્વયેનાં અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહેલ હોય અને ફરીયાદવાળા ચેક કાયદેસરનાં દેવું કે જવાબદારી પેટે આપેલ હોવાની હકિકત શંકાસ્પદ બની રહેતી હોય ફરીયાદીની ફરીયાદ શંકા ઉપજાવે તેમ હોય આ સંજોગોમાં ફરીયાદીનું કાયદેસરનું લેણું માની શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના કેસના અનુસંધાને આરોપી પક્ષ શંકા ઉત્પન્ન કરવામાં

સફળ ગયેલ છે તેવું જણાઈ આવે છે અને તકરારી ચેકો કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ હતા તે હકીકત સાબીત કરવામાં આ કામના ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' ઠરાવી **મુદા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) આથી આ કામના આરોપી– **નારણભાઈ ભરવાડ તે શકિત રોડલાઈન્સના પ્રોપરાઈટર અને અધિકૃત વહીવટકર્તા,** ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર, રહે. ૯, જયશ્રી ટેનામેન્ટ, રાધાક્રિષ્ના મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ જો હાલના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં તેઓની હાજરી સુનીશ્ચીત થઈ રહે તે હેતુથી આરોપીએ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ **તારીખ : ૩૦ મી, માહે : એપ્રીલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૩૦/૦૪/૨૦૨૬ સ્થળ : વાગરા	**(આર. સી. સોઢાપરમાર)** એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વાગરા, કોડ નં. જી.જે. ૦૧૧૫૮